તલોદ તાલુકાના પુંસરી ગ્રામ પંચાયત ના પેટા પરા ભરડિયા ખાતે ભાથીજી મહારાજ ના મંદીર ના પાટોત્સવ પ્રસંગે પુર્વ મંત્રી અને પ્રાંતિજ તલોદ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર ઉપસ્થીત રહ્યા હતા આ પ્રસંગે પુંસરી તાલુકા પંચાયત બેઠક ના ડેલિગેટ મહેશ સિંહ પરમારે સાફા પહેરાવી સ્વાગત કર્યુ હતું આ પ્રસંગે પુંસરી જિલ્લા પંચાયત બેઠક ના પૂર્વ સભ્ય નરેન્દ્ર પટેલે ભરડિયા ગામે નવિન શરૂ કરાયેલ દુધમંડલીના મકાન ના બાંધકામ માટે ખૂટતી ચાર લાખ રૂપિયા ની રકમ અંગે તથા પુંસરીથી લંગાના મઠ ગામે રસ્તાની રજૂઆત તેમજ ખારા દેવિયા નુ તળાવ ભરવા અંગે તેમજ પુંસરી જિલ્લા પંચાયત વિસ્તાર માં આવતા મોઢુકા પાસે આવેલ આંકલી માતાના મંદિરે દર્શન કરવા માટે આવતા દર્શનાર્થી ઓ માટે પીવાના પાણીની રજૂઆત કરતા ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમારે પોતાની ગ્રાન્ટ માંથી ભરડીયા દુધ મંડળીના બાંધકામ માં ખુટતી ગ્રાન્ટ સહિત રોડ અને પીવાના પાણીની તાત્કાલીક મંજૂરી આપી દેવા માટે વહીવટી તંત્ર ને જરૂરી સૂચના આપી હતી.

પ્રાંતિજ ના દલપુર પાસે ટ્રક પાછળ ઈકો ધુસી ગઈ: ત્રણને ઈજાઓ પહોંચી એકનું મોત નિપજયુ

પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના દલપુર પાસે અજાણ્યો ટ્રક ચાલક એક દમ ટ્રક વારી લાવી રોડની વચોવચ ઉભી કરી દેતા રોડ ઉપર આવતી ઈકોકાર ટ્રક પાછળ ધુસી જતા ત્રણ ને ઈજાઓ પોંહચી તો એક નુ મોત નિપજયુ હતુ. પ્રાંતિજ ના દલપુર પાસે કોઈ અજાણ્યો મોટી ટ્રક ચાલક પોતાના કબજાની ટ્રક ફુલફાસ્ટ પુરઝડપે બેદરકારી અને ગફલત ભરી રીતે ચલાવી રોડ કોસ કરવા માટે એકદમ સર્વિસ રોડ ઉપર થી આવી મેન રોડ ઉપર વચ્ચોવચ ઉભી કરી દેતા રોડ ઉપર હિંમતનગર તરફ થી આવતી ઈકોકાર નંબર જી૦૬ઈઈ૬-૩૫૧૮ એકદમ ટ્રક પાછળ ધુસી ગઈ હતી અને ઈકોકાર ના ચાલક ચમનભાઈ છગનભાઈ બારૈયા ,ઈકોકાર મા સવાર પ્રકાશભાઈ મોતિસિગ ગણાવા તથા મજુરોને શરીરે વતાઓછી ઈજાઓ પોહચી હતી તો ઈકોકાર મા બેઠેલ પ્રતાપભાઈ નારાયણ ડાભી ઉ.વર્ષ-૪૨ રહે.ધોળકાસ , અમદાવાદ ને શરીરે જીવલેણ ઈજાઓ પહોચતા તેવોનુ ઘટના સ્થળેજ કમકમાટી ભર્યુ મોત નિનજયુ હતુ તો ટ્રક ચાલક અકસ્માત સર્જી ને એક નુ મોત નિપજાવી ને પોતાનો ટ્રક લઈ ને ભાગી ગયો હતો તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ગોવિંદભાઇ નારણભાઈ ડાબી રહે કેશરગઢ , તા.ધોળકા જિ.અમદાવાદ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે ભાગેલ અજાણ્યા ટ્રક ચાલક વિરૂધ્ધ ૨૭૯, ૩૦૪એ, ૩૩૭,૧૭૭, ૧૮૪ મુજબ ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

ધાનેરામાં વીજ થાંભલા પર લગાવવામા આવેલ ડેટા લાઈનો કેટલી સલામત?

ધાનેરા તા.૧૧

ધાનેરા મા અમુક ઇન્ટરનેટ કંપની ની ડેટા લાઈનો જેવા કે વાય ફાય ઇન્ટરનેટ ની સગવડતા

માટે કંપની માંથી કોન્ટ્રાક્ટ લઈ વીજ થાંભલા પર થી લાઈન ખેંચવામાં આવેલ છે .

જે લાઈનો ભવિષ્ય મા રીપેરીંગ કામ માટે કોઈ ડેટા કંપની નો માણસ ચડે અને કોઈ આકસ્મિક બનાવ બને તો જવાબદાર કોણ?

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી પરમાર નો અહેવાલ જણાવે છે કે, આ બાબતે ડેટા કંપની ના કોન્ટ્રાક્ટર બીજી યોગ્ય રીતે લાઈન ખેંચી લોકો ને મદદ રૂપ થાય તે જરૂરી છે. જો કે ગુજરાત વિધુતબોર્ડ દ્વારા કોઈ પણ પરમિશન આપેલ નથી છતાં પણ લાઈનો ખેંચાઈ ગઈ છે. અને ક્લેમ્પ પણ લગાવી દેવામાં આવેલ છે .

આ બાબતે વિધુત બોર્ડ ના ડેપ્યુટી એન્જીનીયર સાથે વાત કરતા તેમને જણાવેલ કે અમે કોઈ પરમિશન આપેલ નથી અને આ બાબતે અમોએ કેબલોવાળા ને બે દિવસ મા કેબલ હટાવી લેવા નોટિસ પણ આપેલ છે જો બે દિવસ મા કોઈ ધ્યાન નહિ અપાય તો ગુજરાત વિધુતબોર્ડ દ્વારા કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવ્યું હતું.

પાલનપુરના પૌરાણિક શ્રી કંથેરીયા હનુમાન ધામ ખાતે

પ.પૂ. ધર્મભૂષણ સંત ક્ષિપ્રા ગીરીજીના મુખેથી શ્રીરામ કથામાં સત્સંગની હેલી...

ભગવાન રામના જન્મોત્સવથી લઈ તેમની જીવન કથાના પ્રસંગો રંગે ચંગે ઉજવણી... : સમગ્ર ઉત્તર ગુજરાત સૌરાષ્ટ્ર અને વિદેશથી એન આર આઈ પાલનપુરની કથામાં રામચરિત માનસનો લાભ લીધો...

પાલનપુર તા. ૧૧

પાલનપુરના પૌરાણિક એવા શ્રી કંથેરીયા હનુમાન ધામ ખાતે ચાલુ વર્ષે ચૈત્રી પૂનમે ૪૩ મો હનુમાન જન્મોત્સવ ભવ્યાતિ ભવ્ય રીતે ઉજવાયો હતો. આ પ્રસંગે ગત તારીખ પાંચમી એપ્રિલ ૨૦૨૩ થી આગામી ૧૩ મી એપ્રિલ ૨૦૨૩ સુધી મંદિરના મહંત પ.પૂ. ધર્મભૂષણ શ્રી ક્ષિપ્રા ગીરીજી (પૂ. બાપજી) ના મુખેથી રામચરિત માનસની શ્રી રામ કથા નો શુભારંભ થયો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ કુમાર ગણપતલાલ જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, હિન્દુ સનાતન ધર્મના માનવ જીવનને સાચા અર્થમાં ચરિતાર્થ કરવા અને મોક્ષની પ્રાપ્તિ કરવા ધર્મ એ જ એકમાત્ર સહારો છે. જેને અનુલક્ષીને હિંદુ સનાતન ધર્મના આરાધ્યદેવ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામ ના જીવન ચરિત્ર ની કથા રામાયણ માં આપણે સૌ જાણીએ છીએ. આપણા આરાધ્યદેવની શ્રી રામકથાના રસપાન કરવા સમગ્ર ઉત્તર ગુજરાત પાલનપુર મહેસાણા પાટણ બનાસકાંઠા હિંમતનગર સૌરાષ્ટ્ર કચ્છ અને રાજસ્થાન પંજાબ અને સુરત તથા વિદેશ માં વસતા એનઆરઆઈ સહિત હજારોની સંખ્યામાં ભાવિકો માં કથા મંડપમાં સત્સંગની હેલી ચડી છે. જેમાં ગત તારીખ આઠમી એપ્રિલ ની રાત્રે ભવ્ય લોક ડાયરો અને સંતવાણી માં જાણીતા ભજનીક કલાકાર કિર્તીદાન ગઢવી હાસ્ય કલાકાર જગદીશ ત્રિવેદી અને સાહિત્યકાર ભજનીક પોપટભાઈ માલધારી ના ડાયરાએ ભાવિકોને વહેલી પરોઢ સુધી ભજન અને ગીત સંગીતના ધર્મ ભક્તિના ઘોડાપૂરમાં ડોલાવી આનંદનો લ્હાવો લીધો હતો. શ્રી કંથેરીયા હનુમાન ભક્ત મંડળ અને મંદિરના મહંત પ. પૂજ્ય શિવગીરીજી બાપુ સુરત કંથેરીયા હનુમાન મંદિરના મહંત શ્રી પૂજ્ય પ્રભુ ગીરીબાપુ અને પાલનપુર તથા સુરતના શ્રી કંથેરીયા હનુમાન ભક્ત મંડળ ના યુવાનો વડીલો મહિલાઓ બાળકો સૌ કોઈએ કથાના આયોજનમાં તલ્લીન બનીને સત્સંગ કરી ધન્યતા અનુભવી સવારે અને સાંજે ભગવાનના ભંડારામાં પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. રામાયણની ચોપાઈઓ તથા ભગવાન ભોળાનાથ મહાદેવ કૃષ્ણ ભગવાન શ્રી સાવરીયા શેઠ ની આરાધના ભગવાનને કાલાવાલા કરીને ધર્મ સત્સંગની આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. કથાના આયોજનમાં અનેક નામી અનામી દાતાઓ દ્વારા યથાશક્તિ યોગદાન આપવાની પણ જાણે હોડ જામી હતી. તે જ પ્રમાણે અનેક યુવાનો વડીલો પોતાના કામ ધંધામાં દસ દિવસના વીરામ આપી શ્રી રામકથાના આયોજનમાં રાત દિવસ એક કરી કંથેરીયા હનુમાન ધામની રોનક વધુને વધુ તેજસ્વી બનાવી હતી. આ રામ કથા શ્રી પંચમુખી હનુમાન અને કોટેશ્વર ગીરીજી સેવા ટ્રસ્ટ ગૌશાળા તેમજ અનક્ષત્રના લાભાર્થે ભવ્ય કથા નું આયોજન કરાયું હતું. કથાના મુખ્ય યજમાન પ્રિયંકાબેન પ્રીતિબેન દીપકભાઈ વસાણી (લંડન) દ્વારા લાભ લેવાયો હતો. આ સિવાય કેલિફોર્નિયા અમેરિકા યૌસ્ટન યુકે મોમ્બાસા કેન્યા તાનજાનિયા યુગાન્ડા ઈટાલી નેધરલેન્ડ ઓસ્ટ્રેલિયા થી અનેક એનઆરઆઈ ભક્તોએ રામકથામાં ઓનલાઈન જોડાયા હોવાનું અને રામકથાના આયોજનમાં ભારત આવી પાલનપુર ખાતે શ્રી કંથેરીયા હનુમાન ધામ ખાતે આયોજિત શ્રી રામકથામાં હાજરી આપી હતી તેમ અમારા સંવાદદાતા સાથેની મુલાકાતમાં મંદિરના મહંત પૂજ્ય શિવગીરીજી બાપુએ જણાવ્યું હતું. આજ તારીખ ૧૧ ૪ ની રાત્રે હનુમાનદાદાનો સુંદરકાંડ શ્રી જલારામ ગ્રુપ પરિવાર અને પરસોતમ દાદા શામજીભાઈ અમદાવાદ ઠક્કર દ્વારા આયોજિત કરાયો છે. પૂજ્યશ્રી ક્ષિપ્રા ગીરી બાપુ ની શ્રી રામકથાનું પાલનપુર કંથેરીયા હનુમાન ધામ થી ધાર્મિક ચેનલ લક્ષ ઉપર લાઈવ પ્રસારણ કરવામાં આવી રહેલ છે.

સાબરકાંઠાના તલોદ ખાતે મહિલા અને બાળવિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા મહિલાઓમાં નારી અદાલત ની સમજ તેમજ મહિલા સશકિતકરણ અને મહિલા વિષયક યોજનાઓ ની જાણકારી આપી શકાય તે હેતુથી તલોદ ખાતે નારી સંમેલન યોજવામાં આવ્યું જેમાં અધ્યક્ષ સ્થાને રહી મહિલા બાળ વિકાસ ચેરમેન રેખા બા ઝાલા બહેનો ને માર્ગદર્શન આપ્યું તેમાં રાષ્ટ્રીય આયોગ પૂર્વ સભ્ય શ્રી રાજુલાબેન દેસાઈ ,કોર્પોરેટર દીપાબેન કુવાડીયા, પ્રોગ્રામ ઓફિસર શ્રી ,સી ડી પી બેન શ્રી મુખ્ય સેવિકા ,બહેનો તેડાગર બહેનો, કાર્યકર બહેનો ,તેમજ મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી હતી.

ધાનેરામાં જરા સાચવીને ચાલજો આ ધાનેરાના રસ્તા છે ખાડામાં રસ્તા કે રસ્તામાં ખાડા?

ગુજરાત સરકાર ખાડા પૂરવા માટે લાખો રૂપિયા ની ગ્રાન્ટો મોકલી તે ક્યાં ગઈ? ધાનેરાના અપક્ષ ધારાસભ્ય માવજી દેસાઈ હવે મતદારોને રામ ભરોસે મૂકી ભાજપના પગ પકડવા દોડ્યા...

ધાનેરા તા.૧૧

બનાસકાંઠા જિલ્લાના સતત વિકસી રહેલા અને ગીચ ટ્રાફિક ધરાવતા ધાનેરા શહેર અને તાલુકાના મોટાભાગના વિસ્તારોમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ તથા જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ તથા સ્થાનિક નગરપાલિકા અનેતાલુકા પંચાયતના એન્જીનીયર અને કોન્ટ્રાક્ટર નગરપાલિકાના પદાધિકારી અને માર્ગ અને મકાન વિભાગના અધિકારીની મિલીભગત નાં કારણે રોડ પર જ્યાં ત્યાં ખાડારાજ નું સામ્રાજ્ય છવાયું છે.ધાનેરા માં બનાવેલ રોડ એટલી હદે બિસ્માર બન્યા છે કે અહીં જ્યાં જુઓ ત્યાં ખાડા જ દેખાય છે . આ અંગે વધુ વિગતો આપતા અમારા ધાનેરા ના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,અહીંથી પસાર થતા લોકો ત્રાહિમામ પોકારી જાય છે. છતા તંત્ર દ્વારા રોડ પરના ખાડા પુરવાની કોઈ કામગીરી થતી નથી

જ્યાં ત્યાં રોડ પર મસમોટા ખાડા જોવા મળે છે. સ્થાનિક ધારાસભ્ય અપક્ષ માવજી દેસાઈ હવે ધાનેરાના મતદારોને રામ ભરોસે મૂકી મહાકાય ગુજરાતની ભાજપ સરકારના પગ પકડવા દોડ્યા છે. કેસરિયો પહેરવા થનગની ઉઠ્યા છે. પરંતુ પ્રદેશ ભાજપ પ્રમુખ સી આર પાટીલ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ધાનેરા વિસ્તાર પ્રત્યે કેવી લાગણી રાખે છે તે વર્તમાનમાં ચૂંટણીના ત્રણ જ મહિનામાં તાલુકાના લાખો મતદારોને અહેસાસ થઈ રહ્યો છે.

રહી વાત સ્થાનિક મુદ્દાઓની તો જાહેર રસ્તાઓ પીવાનું અને સિંચાઈનું પાણી તથા સફાઈ અને ખેડૂતો માટે સૌથી મહત્વની પાણીની પાઈપલાઈન દ્વારા નહેરો બનાવી આ રોડ પરથી પસાર થવામાં વાહનચાલકોને નાકે દમ આવી જાય છે .અને કમરના મણકા ખસી જાય છે આ રોડ પરથી પસાર થતા દરેક વ્યક્તિને એક જ સવાલ થાય કે આ રસ્તામાં ખાડા છે કે ખાડા માં રસ્તો છે સમગ્ર ધાનેરા શહેર અને ગામડાઓમાં ખાડા રાજ્યનું સામ્રાજ્ય થવાયેલું જોવા મળે છે. ધાનેરા માં રોડ એટલી હદે બિસ્માર બન્યા છે કે અહીંથી પસાર થતા વાહનચાલકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. પરંતુ રોડ બનાવ્યા પછી માત્ર થોડા સમયમાં જ આ રોડની બદતર હાલત જોવા મળે છે અહીંના સ્થાનિકોનો આક્ષેપ છે કે આ રોડ બન્યાના અમુક જ વર્ષમાં રોડ તૂટી જાય છે રોડ એટલી હદે બિસ્માર બન્યા છે કે અહીં જ્યાં જુઓ ત્યાં ખાડા જ દેખાય છે છતા તંત્ર દ્વારા રોડ પરના ખાડા પુરવાની કોઈ કામગીરી થતી નથી અને સ્થાનિકોએ જાતે રોડ પર માટીનું પુરાણ કરવું પડે છે ધાનેરામાં રોડ પર માત્ર ને માત્ર ખાડા જ જોવા મળે છે આજુબાજુના દુકાનદારો રાહદારીઓ અને રોડ પર માટી પાથરી ખાડા પુરવાની કામગીરી કરતા જોવા મળ્યા હતા પરંતુ તંત્ર દ્વારા રસ્તા રિપેર કરવાની કોઈ કામગીરી થતી નથી. એક તરફ રોડના કામમાં ઠેર-ઠેર ભ્રષ્ટાચારના ખાડા પડેલા જોવા મળે છે છતાં ધાનેરા નગરપાલિકાના ની ઉંઘ ઉડતી નથી ધાનેરા માં આટલી હદે રસ્તાઓની બિસ્માર હાલત હોવા છતા નગરપાલિકા કર્મચારીઓના પેટનું પાણી પણ હલતુ નથી તંત્રના અધિકારીઓ સામે વાહન ચાલકોમાં પણ ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે.

વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ દેખાશે

ઉત્તર ગુજરાતમાં આગામી ૨૦ એપ્રિલનું સૂર્યગ્રહણ દેખાશે નહીં

બાયડ, તા.૧૧

વર્ષ-૨૦૨૩નું પ્રથમ સૂર્યગ્રહણ આગામી તા.૨૦ એપ્રિલે જોવા મળશે. પંચાગ પ્રમાણે વર્ષનું પહેલું સૂર્યગ્રહણ ચૈત્રી અમાસના દિવસે જોવા મળશે. ભારત સિવાયના અન્ય દેશોમાં ગ્રહણ જોઈ શકાશે તેમ છતાં ગ્રહણ પાડનારા અનેક લોકો સૂર્યગ્રહણને લઈને વધુ ઉત્સુક જણાઈ રહ્યા છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ચંદ્ર અને સૂર્યગ્રહણ હોય ત્યારે તે દેખાય કે ન દેખાય પરંતુ પ્રજા ધાર્મિક માન્યતાઓનું પાલન અચૂક કરતી હોય છે. ખાસ કરીને ગ્રહણ સમયે રાશિ ઉપર કેવું ફળ મળશે તેની ઉત્સુકતા જ્યોતિષમાં વિશ્વાસ રાખનારાઓમાં રહેતી હોય છે. આ વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ પ્રશાંત મહાસાગર વિસ્તારના કેટલાક દેશોમાં દેખાવવાનું છે. પરંતુ તે ભારતમાં દેખાવવાનું ન હોવા છતાં અત્યારથી જ સૂર્યગ્રહણની શુભ-અશુભ ચર્ચઓ શરુ થઈ છે. જિલ્લામાં ધર્મચૂસ્ત પરિવારો ગ્રહણ હોય તે સમયે ધાર્મિક નિયમોનું કડકાઈથી પાલન કરતા હોય છે. આ વખતે ૧૨ રાશિમાંથી સૂર્યદેવ કઈ રાશિને વધુ ફળ આપશે, કઈ રાશિના જાતકો વધુ સુખ-સુવિધાઓ ભોગવશે તે ઉપરાંત ગ્રહણ કોને કેવી નકારાત્મક અસર કરી શકે તેની ચર્ચાઓ છેડાઈ છે.

ઉંછા પ્રા.શાળામાં મુખ્ય શિક્ષક દ્વારા શિક્ષિકાને ત્રાસ આપવાનો મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો...

ખાખી વર્દીએ શિક્ષિકાને કહ્યું - ગાળો નોન કોગ્નીઝેબલ ગુનો, કોર્ટમાં જાઓ

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૧

પ્રાંતિજ તાલુકાની ઉંછા પ્રા.શાળાના તત્કાલિન મુખ્ય શિક્ષક દ્વારા શિક્ષિકાને ત્રાસ આપવાનો મામલો પ્રાંતિજ પોલીસ સ્ટેશને પહોંચ્યા પછી કેટલાક શિક્ષકોના નિવેદનો લેવાયા અને તેમાં તત્કાલિન મુખ્ય શિક્ષક અભદ્ર ગાળો બોલતા હોવાનું જણાઈ આવતાં પોલીસ દ્વારા કાર્યવાહી કરવાના બદલે અભદ્ર ગાળો બોલવી તે નોન કોગ્નીઝેબલ ગુનો હોવાથી શિક્ષિકાને કોર્ટમાં જવા જણાવ્યું છે. એક તરફ નારી સન્માનની ગુજરાત સરકાર વાતો કરે છે પરંતુ ખુદ પોલીસ શિક્ષણ ધામમાં શિક્ષિકાનું અપમાન અને અભદ્ર ગાળો બોલવાના કેસમાં કાર્યવાહીથી હાથ ઉંચા કરી લેતાં આ મુદ્દો આવનારા દિવસોમાં વધુ ઉગ્ર બનવાની સંભાવના છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર તાલુકાની ઉંછા પ્રા.શાળાના શિક્ષિકા ગર્ભવતી હોવા છતાં મુખ્ય શિક્ષક દ્વારા તેમની સાથે અભદ્ર વર્તન અને માનસિક ત્રાસ ગુઝારતા હતા. જેથી શિક્ષિકા દ્વારા આ અંગે જિલ્લા પોલીસ વડાને લેખિત ફરિયાદ કરી હતી. પોલીસ વડાના અવલોકનથી ફરિયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશને પહોંચી હતી જ્યાં પ્રાંતિજ પોલીસે જાવક નં.૧૧૩૮ ૨૦૨૩ તા.૫-૪-૨૦૨૩ના રોજ ઉ.શિક્ષક રીનાબેન રતિલાલ પટેલને જણાવ્યું છે કે પોલીસ અધિક્ષકના ઉપરોક્ત હવાલાવાળા પત્રથી અત્રે તપાસ મળતાં અત્રેના પોલીસ સ્ટેશન ડી.એ.પી.નં.૪૯૨૦૨૩ થી નોંધ કરી આપની શાળામાં ફરજ બજાવતા આપના સહકર્મચારીઓના નિવેદન લેતાં શાળાના એક કર્મચારીએ આપની અરજીમાં કરેલ આક્ષેપો તથા આપે લખાવેલ નિવેદનને સમર્થન આપતી હકીકત લખાવેલ હોઈ આપની અરજીમાં આચાર્ય તરફથી અભદ્ર ગાળો બોલવાની હકીકતને સમર્થન મળતું હોઈ આ કામે અભદ્ર ગાળો બોલવી તે નોન કોગ્નીઝેબલ ગુનો હોઈ જે પોલીસ અધિકાર બહારનો ગુનો હોવાથી આપને નામદાર કોર્ટથી દાદ લેવા સમજ કરવાનું પ્રાંતિજ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. કાનજીભાઈ મગનભાઈએ લેખિતમાં જણાવ્યું છે.